સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૭/૨૦૧૮
આંક –૨૭

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૭/૨૦૧૮ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | બચુભાઈ રણછોડભાઈ પરમાર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9924151841 |
| ઉંમર આશરે | ૫૮ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | અરણીવાડા તા. કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) હું છૂટક મજુરી કરુ છું. મારે સંતાનમાં ત્રણ દીકરા છે. પહેલો મહેન્દ્ર તેનાથી નાનો રાકેશ સૌથી નાનો સતીશ છે.

(૨) બનાવ છ–સાત વર્ષ પહેલા બનેલો. તે સમયે સાડા અગિયાર વાગ્યાના સુમારે હું મારા ખેતરે હતો. મારા નાનાભાઈ વિનોદભાઈનો મારી ઉપર ફોન આવેલો અને મને જણાવેલ કે રાકેશને ભચલુજી બાશકાજીએ માર મારેલ છે તેવી વાત કરતા હું ત્યાં સ્થળ પર આવેલો હતો. હું ત્યાં આવેલો અને જોયેલ તો મારા દીકરાને વડના ઝાડ સાથે બાંધેલો હતો. ત્યારપછી મારા દીકરાને મે છોડેલ અને આ ભચલુજી બાશકાજી સોલંકી ત્યાંથી જતો રહેલ. ત્યારબાદ મારા દીકરાએ શિહોરી પો.સ્ટે.ને ફરીયાદ આપેલ. ભચલુ બાશકાજી બીજુ કોઈ બોલેલ નહી. બનાવ શી બાબતે બનેલો તેની મને ખબર નથી. બનાવ સબંધે પોલીસ સ્ટેશને મે ફરીયાદ આપેલી.

મને માર્ક:૬/૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૨૮** આપવામાં આવે છે.

સ્થળ ઉપર પોલીસ આવેલી તેઓએ કાર્યવાહી કરવાનું જણાવેલ અમોએ કોઈ પોલીસ સમક્ષ ડોકયુમેન્ટ રજુ કરેલ નથી. ભચલુજી અમોને આ સિવાય કંઈ બોલેલો નથી.

સાહેદની સહી............................

આરોપી અમારા ગામના હોવાથી તેને ઓળખુ છું. મારો દીકરો રાકેશ ચાર પાંચ વર્ષ પહેલા કુદરતી રીતે મરણ ગયેલ છે.

એવુ બનેલ નથી કે ભચલુજીએ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ તેમજ જાતિ વિષયક શબ્દો બોલતો હોવાથી મે આ ભચલુજીને હાથ જોડી સમજાવીને કાઢી મુકેલ અને મારા દીકરાને પુછતા મને મારા દીકરા રાકેશે વાત કરેલ કે ભચલુજીએ મારી પાસેથી રૂપિયા વીસ હજાર લીધેલ. તે પાછા ન આપતો હોય અને તેમાંથી મને રૂપિયા પાંચ હજાર પાછા આપેલ તેમજ મારો મોબાઈલ પાછો આપતો ન હોય તેની મે ઉઘરાણી કરતા મને ભચલુજીએ વડલે બાંધી આડેધડ લાકડી તથા ગડદાપાટુનો માર મારવા લાગેલ હોય.

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

મે મારી પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવી હકીકત જણાવેલ છે કે, ''ભચલુજીએ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ તેમજ જાતિ વિષયક શબ્દો બોલતો હોવાથી મે આ ભચલુજીને હાથ જોડી સમજાવીને કાઢી મુકેલ અને મારા દીકરાને પુછતા મને મારા દીકરા રાકેશે વાત કરેલ કે ભચલુજીએ મારી પાસેથી રૂપિયા વીસ હજાર લીધેલ. તે પાછા ન આપતો હોય અને તેમાંથી મને રૂપિયા પાંચ હજાર પાછા આપેલ તેમજ મારો મોબાઈલ પાછો આપતો ન હોય તેની મે ઉઘરાણી કરતા મને ભચલુજીએ વડલે બાંધી આડેધડ લાકડી તથા ગડદાપાટુનો માર મારવા લાગેલ'' એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

સાહેદની સહી............................

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ પ્રોક્ષી વિ.વ. શ્રી આર.વી.સોલંકી..</u>**

(૩) એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું મારા ખેતરમાં હતો. એ વાતની મને ખબર નથી કે મારા દીકરો દારૂ પીતો હતો કે કેમ? એ વાત ખરી છે કે અરણીવાડાથી શિહોરી ૧૩-૧૪ કિ.મી.નું અંતર છે. એ વાત ખરી છે કે મારા દીકરા રાકેશ અને રમેશભાઈ ઉર્ફે કાળાભાઈ સોમાભાઈ પરમાર વચ્ચે ઝઘડો થયેલો. એ વાત ખરી છે કે રાકેશભાઈએ રમેશભાઈના પગે ફ્રેકચર કરેલું. એ વાત ખરી છે કે ભચલુભાઈએ રમેશભાઈએ એવુ કહેલુ કે તમે રાકેશભાઈ ઉપર ફરીયાદ કરો. એ વાત ખરી છે કે અટ્રોસીટીના કેશમાં સરકાર તરફથી વળતર મળતુ હોય છે. એ વાત ખરી છે કે વળતર તરીકે પંચોતેર હજાર રૂપિયા મળેલા. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં હું સોગંધ પર જુબાની આપુ છું.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૦/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી.............................